# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-12-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## SIR ઝુંબેશ રાજ્ય:

સમગ્ર રાજ્યમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11મી ડિસેમ્બર સુધી ચાલવાનો છે.

2025ની મતદાર યાદીમાં નોંધાયેલા રાજ્યના 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. હાલમાં ગણતરીનો તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે રાજ્યભરની 182 વિધાનસભા બેઠકોમાંથી 47 વિધાનસભા બેઠકો પર ગણતરીની 100% કામગીરી સંપન્ન થઈ છે. જ્યારે 80 બેઠકો પર 99%થી વધુ કામગીરી થઈ ચૂકી છે. આ સાથે રાજ્યભરમાં ગણતરીની 98.19% કામગીરી સંપન્ન થઈ ચૂકી છે.

ગણતરી દરમિયાન રાજ્યભરમાં 17 લાખ 66 હજારથી વધુ અવસાન પામેલ મતદારો મતદારયાદીમાં સામેલ હતા. જ્યારે 8 લાખ 39 હજારથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 36 લાખ 89 હજારથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત 3 લાખ 53 હજારથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે.

મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત રાજ્યના તમામ BLOની અસરકારક કામગીરીને રાજ્યના મુખ્ય ચુંટણી અધિકારીની કચેરી દ્વારા બિરદાવવામાં આવી રહી છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

-----------------------------------------------------------------------------------------

## એકતા પદયાત્રા સમાપન:

સરદાર @150 એકતા પદયાત્રાનો એકતાનગરમાં સમાપન સમારોહ યોજાયો હતો, જેમાં ઉપરાષ્ટ્રપતિ સી.પી.રાધાકૃષ્ણન, કેન્દ્રિય મંત્રી મનસુખ માંડવિયા, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, સહિતના મહાનુભાવો ઉપસ્થિતિ રહ્યા હતા. સ્ટેચ્યું ઓફ યુનિટી પોહોંચતા પહેલા કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ જણાવ્યુ કે આ પદયાત્રા એક વિચાર બની ગઈ છે, જેમાં હજારો લોકો, યુવા મંડળ, મહિલા મંડળ અને સામાજિક સંસ્થાઓએ જોડાઈ સરદાર સાહેબના એકતા અને રાષ્ટ્રભક્તિના સંદેશને પ્રજા સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો.

---

## જીલ્લામાં SIRની કામગીરી-બી.એલ.ઓ:

ગુજરાત સહિત અનેક રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશમાં મતદાર યાદી સઘન સુધારણા ઝુંબેશનું કાર્ય ચાલી રહ્યું છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 11 મી ડીસેમ્બર સુધી ચાલશે અને ડ્રાફ્ટ મતદાર યાદી 16 ડિસેમ્બર સુધી ચાલશે. કચ્છમાં પણ આ કામગીરી ચરમ પર છે. માધાપરમાં બીએલઓ તરીકે ફરજ બજાવતા હર્ષા બહેન ઠક્કરે આ કામગીરી અંગે માહિતી આપી હતી.

(બાઈટ.. હર્ષા ઠક્કર, બી.એલ.ઓ.)

---

## અગત્યની જાહેરાત:

આકાશવાણી ભુજ પરથી પ્રસારિત થતું સવારનું બુલેટિન અને પ્રાસંગિક હવે આગામી ૭ ડિસેમ્બર થી નવા સમયે રજૂ થશે.

સમાચાર બુલેટિન સવારે ૬ વાગીને ૫૦ મિનિટને બદલે ૭ વાગીને ૪૦ મિનિટ અપાશે જ્યારે પ્રાસંગિક ૬ ને ૪૫ ને બદલે ૦૭ વાગીને ૩૫ મિનિટે પ્રસારિત થશે.

જાહેરાત પુરી થઈ

---

## ડો.બાબા સાહેબની 70મી પુણ્યતિથીની જીલ્લાની ઉજવણી:

આજે કચ્છ સહિત રાજ્યભરમાં બાબા સાહેબ આંબેડકરની 70મી પુણ્યતિથિ પર લોકો દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કચ્છ જિલ્લા ભાજપ અને અનુસુચિત જાતિ મોરચાના ઉપક્રમે ભુજ ખાતે સમાનતા અને બંધુતાના હિમાયતી ડો.બાબા સાહેબની પ્રતિમાને હારારોપણ કરી શ્રધ્ધાંજલી અપાઈ હતી. આ પ્રસંગે કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડા, ધારાસભ્ય કેશુભાઈ પટેલ, જિલ્લા ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ સહિતના અગ્રણીઓએ તેમને આઝાદ ભારતે કઈ દિશામાં ચાલવુ જોઈએ તેનો રોડ-મેપ આપનાર ગણાવી શ્રધ્ધાંજલિ આપતા વંચિતો અને શોષિતોના ઉત્થાન માટે તેમણે આપેલા યોગદાનને યાદ કરી તેમના જીવનમાંથી બોધ પાઠ લેવા અનુરોધ કર્યો હતો.

---

## દિવ્યાંગો માટે 36મો રમત ઉત્સવ:

રાયધણપરના કચ્છ વિકાસ ટ્રસ્ટ દ્વારા આયોજિત કચ્છના દિવ્યાંગો માટે 36મો રમત ઉત્સવ યોજાયો હતો. બે દિવસીય આ રમત ઉત્સવમાં લોકસંગીત, મિમીક્રી, ફિલ્મી ગીત, લીંબુ-ચમચી, ગોળા ફેંક, રસ્સા ખેંચ, દોડ, ઊંચો કૂદકો, સંગીત ખુરશી, વાર્તા પઠન જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઇ હતી, જેમાં જીલ્લાભરના 500 જેટલા દિવ્યાંગે ભાગ લીધો હતો.આ પ્રસંગે ઉપસ્થિત રહેલા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી નરેશભાઇ ચૌહાણે જણાવ્યું હતું કે દિવ્યાંગ બાળકો પણ ઘણી વખત સામાન્ય વ્યક્તિને પ્રેરણા પૂરી પાડતા રહે છે, જેથી દિવ્યાંગોના સંઘર્ષમાંથી પણ આપણે શીખવું જોઇએ. રમત ઉત્સવમાં વિજેતાઓને ઇનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા.

---